Letter No: HFWD/0710/09/2023 Dt: 23-11-2023

રાજ્ય બહાર મેળવેલ તબીબી સારવારનો ખર્ચ મજરે મળવા બાબત.

ગુજરાત સરકાર

પરિપત્ર ક્રમાંકઃ એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/અ(પા.ફા.-૨)/અ-૧

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૯/૨૦૨૩.

વંચાણે લીધાઃ- 15 FEB 2024

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૨૪/૮/૨૦૧૫ના ઠરાવથી જાહેર કરેલ ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૩૦/૮/૨૦૧૬નો ઠરાવ.

પ્રસ્તાવના:

રાજ્યનાં સરકારી કર્મચારી, અધિકારી, પેન્શનર અને તેમનાં કુટુંબીજન દ્વારા તાકીદનાં સંજોગોમાં રાજ્ય બહાર મેળવેલ તબીબી સારવારનાં કિસ્સામાં પેન્શનરો કે પરિવારજનો દ્વારા સરકારી નિયમો કે જાણકારીના અભાવે પૂર્વ મંજૂરી મેળવેલ ન હોય/અધિકૃત ચિકિત્સકનું પ્રમાણપત્ર મેળવેલ ન હોય તેવી તબીબી સારવારનો ખર્ચ મજરે આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :**

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ ના નિયમ-(૧૨.૧) મુજબ પૂર્વ મંજુરી લઇને રાજ્ય બહાર મેળવેલ તબીબી સારવારનાં કિસ્સામાં તેમજ વિલંબ દર્દીના આરોગ્યને ભયરૂપ બનતો હોય તેવા સંજોગોમાં સરકારી હોસ્પિટલના અધિકૃત ચિકિત્સક દ્વારા દર્દીના હિતમાં રાજ્ય બહાર તાત્કાલિક સારવાર લેવી અનિવાર્ય હતી એવું પ્રમાણપત્ર આપેલ હોય તેવા કિસ્સામાં રાજ્ય બહાર લીધેલ તબીબી સારવાર માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં તા.૩૦/૦૮/૨૦૧૬ નાં ઠરાવમાં દર્શાવેલ હોસ્પિટલોનાં સારવારનાં દરોનાં ધોરણે મેડીકલ રીએમ્બર્સમેન્ટ મંજૂર કરવાનું રહેશે.

૨. પૂર્વ મંજુરી મેળવેલ ના હોય/રાજ્ય બહાર તાત્કાલિક સારવાર લેવી અનિવાર્ય હતી એવું પ્રમાણપત્ર મેળવેલ ના હોય તેવા કિસ્સામાં અરજદારની અરજીનાં ગુણદોષનાં આધારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૩૦/૦૮/૧૬ નાં ઠરાવની જોગવાઇ મુજબ રીએમ્બર્સમેન્ટ મંજુર કરવાનું રહેશે.

૩. રાજ્ય બહાર તબીબી સારવાર મેળવેલ હોય અને સારવાર દરમિયાન કોઇ મશીન/ સાધન/ઉપકરણ/ઇમ્પ્લાન્ટ્સ/ટ્રાન્સ્પ્લાન્ટ વગેરે વપરાશ થયેલ હોય અને તેના દરો નક્કી કરવામાં આવેલ ન હોય તો ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ ના નિયમ-(૨૧) મુજબ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વહીવટી વડાની અધ્યક્ષતામાં રચાયેલ સમિતિ દ્વારા ભલામણ કરેલ દરો મુજબ મેડીકલ રીએમ્બર્સમેન્ટ મંજૂર કરવાનું રહેશે.

૪. ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં તા.૩૦/૦૮/૨૦૧૬ નાં ઠરાવ અને અન્ય આનુષાંગિક ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૫. આ ઠરાવનો અમલ પ્રસિધ્ધ થયા તારીખથી કરવાનો રહેશે. અગાઉ મંજૂર કરેલ સમાન પ્રકારનાં કેસો પુન:જીવિત કરવાના રહેશે નહી. આ ઠરાવ પ્રસિધ્ધ થયેથી જે કેસો આરોગ્ય વિભાગ તથા અન્ય વહીવટી વિભાગ કક્ષાએ પડતર હોય તેવા કેસોનો આ ઠરાવની જોગવાઇ મુજબ નિકાલ કરવાનો રહેશે.

૬. આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૪-૦૨-૨૪ તથા નાણા વિભાગની તા.૨૩-૧૦-૨૩ થી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

(બી.બી.રાઠોડ)

સરકારનાં નાયબ સચિવ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)

Signature valid
Signed by:B B Rathod
Deputy Secretary
Date: 2024.02.15
13:05:17 +05:30

File No: HFWD/PM/e-file/7/2023/4575/A1
Approved By: Dhananjay Dwivedi(PS,HFWD)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

Letter No: HFWD/0710/09/2023 Dt: 23-11-2023

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧-૨,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- નાણાં સલાહકારશ્રી(આરોગ્ય) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ. (પત્ર દ્વારા).
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- રેસીડેન્સ કમિશ્નરશ્રી, ગુજરાત ભવન,ન્યુ દિલ્હી.
- સર્વે કલેક્ટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ.
- સર્વે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ.
- સર્વે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી-સહ-સિવિલ સર્જનશ્રીઓ જનરલ હોસ્પિટલ.
- સર્વે અધિક્ષકશ્રીઓ સરકારી હોસ્પિટલ.
- સર્વે ડીનશ્રીઓ મેડીકલ કોલેજ તથા ડેન્ટલ કોલેજ (ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સહિત)
- સર્વે તબીબી અધિક્ષકશ્રીઓ સિવિલ હોસ્પિટલ, (ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સહિત)
- માહિતી કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- ભાષા નિયામકશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ, ૧૮, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નિયામકશ્રી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- રાજ્યના તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્રોના અધિક્ષકશ્રીઓ.
- સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નરશ્રીઓ
- સચિવાલયના વહીવટી વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ
- લાયજન ઓફીસરશ્રી, ગુજરાત સરકાર,ધનરાજ મહેલ,અપોલો બંદર,મુંબઇ-૪૦૦૦૩૯.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ.

Signature valid
Signed by:B B Rathod
Deputy Secretary
Date: 2024.02.15
13:05:17 +05:30

File No: HFWD/PM/e-file/7/2023/4575/A1
Approved By: Dhananjay Dwivedi(PS,HFWD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- સિસ્ટમ મેનેજરશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવા માટે
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૩.